# આજથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

અમદાવાદ, તા.૬

જેની ઉત્સુકતાપૂર્વક પતંગબાજો રાહ જોઈ રહ્યા હતા તે આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવની આવતીકાલે રંગીન, રોમાંચક અને ભવ્ય કાર્યક્રમ વચ્ચે શરૂઆત થઈ રહી છે. રાજયના જુદા જુદા શહેરોમાં પણ સાતમી જાન્યુઆરીથી લઈને ૧૪મી જાન્યુઆરી સુધી આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવ ચાલનાર છે. રાજયસ્તરીય કાર્યક્રમની શરૂઆત આવતીકાલથી અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતે કરવામાં આવનાર છે. રાજ્યપાલ દેવવ્રત આચાર્ય અને મુખ્યપ્રધાન વિજય રૂમાણી પતંગ ચગાવીને આની શુભ શરૂઆત કરાવશે. ૧૪મી જાન્યુઆરી સુધી ચાલનાર આ પતંગ ઉત્સવમાં જુદા જુદા દેશોના પતંગબાજો પણ ભાગ લઈ રહ્યા છે. રાજયપાલની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી વિજય રૂપાણી પતંગ ઉત્સવની રંગારંગ કાર્યક્રમ વચ્ચે શરૂઆત કરાવશે. ૪૩ દેશોના ૧૫૪ પતંગબાજો આમા ભાગ લઈ રહ્યા છે. વિવિધ રાજ્યોના ૧૧૫ પતંગબાજ પણ આમા ભાગ લઈ રહ્યા છે. પતંગ ઉત્સવની સાથે સાથે રિવરફ્રન્ટમાં ફુડ કોર્ટ, થીમ પેવેલિયનનું પણ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સાબરમતી રિવરફ્રન્ટ એનઆઈડી ખાતે આયોજિત આ પતંગ ઉત્સવના ભાગરુપે યોગા કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પતંગ ઉત્સવમાં ગુજરાતના પતંગબાજો પણ ભાગ લઈ રહ્યા છે. સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ૩૦માં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવની શરૂઆત થઈ રહી છે. ૧૮ રાજ્યોના ૧૫૪થી વધુ પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. ગુજરાતના ૪૦૦ પતંગબાજો જોડાયા છે. પતંગ ઉત્સવથી ૨.૮૨ લાખ લોકોને રોજગારી મળી રહી છે. રૂપિયા ૫૭૨ કરોડથી પણ વધુનું ટર્નઓવર આ પતંગ ઉત્સવથી થવા જઈ રહ્યાછે. પતંગ ઉત્સવના અવસરે તમામ વરિષ્ઠ સભ્યો પણ ઉપસ્થિત રહેનાર છે. દર વર્ષની જેમજ આ વખતે પણ આનું આયોજન કરવામાં આવ્યું છે. પતંગ ઉત્સવના એક દિવસ પહેલા અમદાવાદના મેયર બીજલબેન પટેલે રિવરફ્રન્ટ ઉપર પહોંચીને જુદી જુદી તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ વખતે રિવરફ્રન્ટ ફુટકોર્ટની સાથે સાથે થીમ પેવેલિયન, ક્રાફ્ટ બજારનું આયોજન કરાયું છે. પતંગ ઉત્સવમાં વિદેશી પતંગબાજો મુખ્યરીતે આકર્ષણ જમાવી રહ્યા છે. જુદા જુદા આકારની રંગબેરંગી પતંગો તમામનું આકર્ષણનું કેન્દ્ર છે. મોટી સંખ્યામાં શહેરીજનો પતંગ ઉત્સવની મજા માણવા પહોંચે તેવી શક્યતા છે.અમદાવાદની સાથે સાથે વડોદરાના નવલખી મેદાન, રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ, સુરતમાં પણ આનુ આયોજન કરાયુ છે

| | |
|---|---|
| પતંગ ઉત્સવ સ્થળ | સાબરમતી રિવરફ્રન્ટ |
| પતંગ ઉત્સવના વર્ષ | ૩૦ |
| પતંગ ઉત્સવ ચાલશે | ૧૪મી જાન્યુઆરી |
| કુલ દેશો જોડાયા | ૪૩ |
| કુલ દેશોના પતંગબાજો | ૧૫૪ |
| કુલ રાજ્યો સામેલ થયા | ૧૮ |
| જુદા જુદા રાજ્યોના પતંગબાજ | ૧૧૫ |
| ગુજરાતના પતંગબાજો | ૪૦૦ |
| પતંગ ઉત્સવથી રોજગારી | ૨.૮૨ લાખ |
| પતંગ ઉત્સવનું ટર્નઓવર | ૫૭૨ કરોડથી વધુ |

## બાળકો-વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક પ્રવાસો બનાવશે 'એક ભારત- શ્રેષ્ઠ ભારત'



ગાંધીનગર, તા. ૬

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અનેકતામાં એકતાની અને 'એક ભારત- શ્રેષ્ઠ ભારત'ની સંસ્કૃતિને રાજ્યો-રાજ્યો વચ્ચે બાળકો-વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક પ્રવાસોથી નવું બળ મળે છે તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ ઉત્તર-પૂર્વીય રાજ્યો મિઝોરમ, મણિપૂર, મેઘાલય, ત્રિપૂરા, આસામ અને નાગાલેન્ડની વિવિધ અંતરિયાળ શાળાઓના બાળકોના ગુજરાત રાજયના પ્રવાસ દરમિયાન તેમને ગાંધીનગરમાં મુખ્યમંત્રી આવાસે આમંત્રીને સહજ સંવાદ કર્યો હતો. ભારતીય સેનાની સૌથી જૂની રેજિમેન્ટ આસામ રાયફલ દ્વારા આ વર્ષે નેશનલ ઈન્ટરેકટીવ ટૂર અન્વયે આ રાજ્યોની ગ્રામીણ શાળાઓના ૫૦ જેટલા વિદ્યાર્થીઓના ગુજરાત પ્રવાસનું આયોજન કરવામાં આવેલું છે. આ પ્રવાસનો મુખ્ય હેતુ અલ્પવિકસીત પ્રદેશો-રાજ્યોના અંતરિયાળ ગામોના બાળકોને દેશના અન્ય રાજ્યોના વિકાસ અને યોજનાઓની ગહન જાણકારી આપવાનો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ બાળકો સાથે રસપ્રદ સંવાદ કરતાં ગુજરાત ભગવાન શ્રીકૃષ્ણની ભૂમિ જયારે પૂર્વોત્તર રાજય રૂકમણીની ભૂમિ છે તેની ભૂમિકા આપી બેય પ્રદેશોના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સંબંધોનો મહિમા ઉજાગર કર્યો હતો.

તેમણે મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર, સરદાર સાહેબની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના રાષ્ટ્રીય મહત્વ ધરાવતા સ્થાનો અંગે પણ આ બાળકોને જાણકારી આપી હતી. આ બાળકોએ પણ ગુજરાતનો તેમનો આ પ્રવાસ તેમના માટે વિકાસ પ્રત્યક્ષ માણવા-જાણવાનો અનુભવ બન્યો છે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

આસામ રાયફલના મેજર રોહનના નેતૃત્વમાં ૩૮ દિકરાઓ અને ૧૨ દિકરીઓ એમ કુલ ૫૦ બાળકોએ તેમના ગુજરાત પ્રવાસ દરમિયાન પોરબંદર, ઓખા કોસ્ટગાર્ડ સેન્ટર, દ્વારિકાધિશ મંદીર જેવા સ્થળોની પણ મુલાકાત લીધી હતી. આ બાળકો આગામી ૯મી જાન્યુઆરીએ તેમનો પ્રવાસ પૂર્ણ કરી ગૌહાતી પરત જવાના છે.

## ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ માત્ર ને માત્ર વિકાસના મંજૂર થયેલ કામ પાછળ જ વપરાશે : ડીડીઓ

ગાંધીનગર, તા. ૬

વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાં મંજૂર થયેલા જ વિકાસ કામોને ૧૪ મા નાણાંપંચની ગ્રાન્ટમાંથી ખર્ચ કરવાની મંજૂરી અપાશે તેવી સ્પષ્ટ ચીમકી જિલ્લા વિકાસ અધિકારી આર.આર.રાવલે તાલુકા વિકાસ અધિકારી અને શાખાધિકારીઓની બેઠકમાં આપી હતી.

જિલ્લા વિકાસ અધિકારીએ જણાવ્યુ હતુ કે જિલ્લા આયોજન મંડળ દ્વારા ધરવામાં આવનાર વિકાસ કામો અંગેના આયોજનમાં પણ આ વિલેજ ડેવલપમેન્ટ પ્લાનમાં ન સૂચવવામાં આવે તેમ પણ સ્પષ્ટ કહ્યુ હતુ.

તેમણે આયોજન મંડળના હાલના કામોની સ્થિતિ તેમજ નવા આયોજન અંગેની દરખાસ્ત તૈયાર નહિ કરાઈ હોવાની વાતને લઈ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

રાવલે આ બેઠકમાં શાખાધિકારીઓને પણ આડે હાથ લેતાં કહ્યુ હતુ કે લક્ષ્યાંક સિદ્ધિ ૧૦૦ ટકા થાય તે જરૂરી છે. તેમણે કહ્યુ કે હજુ ઘણી બધી શાખાઓમાં ઉદાસીનતા જોવા મળી રહી છે તે યોગ્ય નથી. તેમણે ધારાસભ્યો કે પદાધિકારીઓના પત્રોનો સમયમર્યાદામાં નિકાલ કરવા પર ખાસ ભાર મુક્યો હતો એટલુ જ નહિ તેમની કચેરી દ્વારા કરાયેલ પરિપત્રોનું પણ ચુસ્તતાથી અમલ થવુ જોઈએ. શાખાધિકારીઓને શાખામાં માસિક બેઠક કરી તેની કાર્યવાહી નોંધ રજુ કરવાની સૂચનામાં પણ હવે વિલંબ સાંખી લેવામાં આવશે નહિ.

ખાતાકીય તપાસ, પેન્શન કેસ તેમજ અન્ય પ્રશ્નો માટે શાખાધિકારીઓ સંવેદનશીલ બની ઝડપી વિકાસ લાવેતે જરૂરી છે.

સ્વચ્છ ગામ-સ્વસ્થ ગામની દરખાસ્ત પણ ૨૦૧૮-૧૯ની હજુ સુધી મળી નથી તે અંગે પણ જિલ્લા વિકાસ અધિકારીએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત તૈયાર થયેલ હોય તો તેનો ડિટેઈલ રિપોર્ટ તાત્કાલિક મોકલી આપવા જણાવ્યુ હતુ.

## ગાંધીનગર ડેપોમાં ૨૦૫ ડ્રાઈવર ૧૦ની ઘટ ટુંકમાં ભરતી કરી દેવાશે

### ડ્રાઈવરોની ઘટના લીધે શહેરી બસ સેવાના રૂટ પ્રભાવિત : ૧૯૬ કંડકટર જયારે ૩૩ મિકેનીક બસની જાળવણીનુ કામ કરે છે

ગાંધીનગર તા ૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં હાલની સ્થિતિએ ૨૦૫ ડ્રાઈવરો ફરજ બજાવે છે જો કે આમછતા હજુ ૧૦ ડ્રાઈવરોની ઘટ છે. ઘટના પ્રશ્નને હલ કરવા માટે એસ ટી નિગમે ભરતી પ્રક્રીયા હાથ ધરી છે. જયારે ટુંકમાં જ ડ્રાઈવરોની ઘટનો પ્રશ્ન હલ થશે જો કે ડ્રાઈવરોની ઘટના પ્રશ્નના લીધે શહેરી બસ સેવાના રૂટો પણ પ્રભાવિત થયા છે.

શહેરના એસ ટી ડેપોમાં મુસાફરોલક્ષી સુવિધાના ઠેકાણા નથી જયારે મુસાફરોની સલામતી સામેનો પ્રશ્ન પણ મંડરાયેલો છે. એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે વારંવાર મુસાફરોના ખિસ્સા કપાય છે આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં પણ એસ ટી બસ સેવા મળતી ન હોવાનો રોષ પણ ઠાલવવામાં આવી રહ્યો છે. એસ ટી માં ડ્રાઈવર કંડકટરની ઘટના લીધે પણ શહેરી બસ સેવા પર વિપરિત અસર થતી હોવાનુ ધ્યાને આવ્યુ છે એસ ટી બસ મળતી ન હોવાની ફરિયાદો પણ સ્થાનિકો માટે રોષનુ કારણ બને છે. ગાંધીનગર એસ ટી ડેપોમાં ડ્રાઈવરોની ઘટના લીધે પણ શહેરી બસ સેવા પ્રભાવિત થાય છે. હાલની સ્થિતિએ ડેપોમાં ૧૦ ડ્રાઈવરોની ઘટ છે. હાલ એસ ટી ડેપોમાં ૨૦૫ ડ્રાઈવરા છે. જયારે ૧૯૬ કંડકટર છે. ગાંધીનગર ડેપોમાં કંડકટરની ઘટ નથી જયારે ડ્રાઈવરની ઘટ છે. જેના લીધે શહેરી બસ સેવાના રૂટ ઘણીવાર પ્રભાવિત થાય છે. સલામત સવારી એસ ટી અમારી માટે મુસાફરો તેમજ અપડાઉનકર્તાઓએ ઘણીવાર વલખા મારવાની નોબત આવે છે. ડ્રાઈવરની આ ઘટ નિવારવા માટે એસ ટી નિગમ દ્વારા ભરતી પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે ટુંકમાં જ ગાંધીનગર ડેપોને ૧૦ નવા ડ્રાઈવરો મળી જશે. જેથી ડ્રાઈવરની ઘટનો પ્રશ્ન પણ હલ થશે. આ ઉપરાંત એસ ટી બસોની જાળવણી માટે પણ ડેપોમાં ૩૩ મિકેનીક કામ કરે છે જો કે મિકેનીકની પણ ઘટ ન હોવાથી બસના રીપેરીંગ સહીત જાળવણીનુ કામ પણ યોગ્ય રીતે થતુ હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે.



ગાંધીનગર શહેરની સૂરત જાણે બદલાઈ રહી છે. જો કે જુની વ્યવસ્થા યોગ્ય રીતે મેન્ટેન થતી નથી. તેનું જીવતું જાગતું ઉદાહરણ એટલે ઘ-૫ સર્કલનો ટ્રાફિક સિગ્નલ. સોલર પેનલવાળો આ ટ્રાફિક સિગ્નલ બંધ હાલતમાં જોવા મળે છે. મોટા ઉપાડે હજારો-લાખોનો ખર્ચ કરી શહેરમાં ઠેર ઠેર ટ્રાફિક સિગ્નલો મુકાયા છે પરંતુ તેની જાળવણી નિયમિત રીતે થતી નથી.

## ધાનેરાના ખેડૂતોએ સર્વિસ રોડ મામલે વિરોધ દર્શાવ્યો



નેશનલ ઓથોરિટીના અધિકારીઓ સહિત ધાનેરાના ધારાસભ્ય પણ ઘટના સ્થળે

ધાનેરા, તા. ૬

ધાનેરાના સરાલ વહોળા પાસે બનેલી બ્રિજમાં ખેડૂતોએ સર્વિસ રોડને લઈ વિરોધ દર્શાવ્યો હતો ત્યારે નેશનલ ઓથોરિટીના અધિકારીઓ સહિત ધાનેરાના ધારાસભ્ય પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા.

ધાનેરા થી થરાદ સુધી રોડનું નવિનીકરણ કામ ચાલી રહ્યું છે ત્યારે સરાલ ગામ નજીક પાણીના વહેણ પર પુલ બનાવવાનું કામ ચાલી રહ્યું છે અને આ પુલમાં સર્વિસ રોડના મળતા આજુબાજુના ખેડૂતોએ વિરોધ દર્શાવ્યો છે ત્યારે આજે આ ઘટનાને લઈ નેશનલ ઓથોરિટીના અધિકારીઓ સહિત ધાનેરાના ધારાસભ્ય ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ખેડૂતોની વેદના સાંભળી હતી તે બાદ નેશનલ ઓથોરિટી ના અધિકારી અને ધારાસભ્ય ખેડૂતોને ન્યાય આપવાનું જણાવતા ખેડૂતો શાંત થયા હતા અત્યારે તો ખેડૂતો ધાનેરાના ધારાસભ્ય અને નેશનલ ઓથોરિટીના અધિકારી ની વાત માની શાંત થઈ ગયા છે પરંતુ ખેડૂતોએ ચીમકી પણ ઉચ્ચારી છે કે જો અમને યોગ્ય ન્યાય નહીં આપવામાં આવે તો રોડ બન્યા પછી પણ અમે આંદોલન કરશું અને રસ્તો બંધ કરવાની અમારે ફરજ ન પડે તે માટે તંત્ર અમારી રજૂઆત સાંભળી અને અમારી તાત્કાલિક ધોરણે મુશ્કેલી દુર કરે તેવી માંગ છે.

## ઊંઝામાં મારામારીના ત્રણ આરોપીને ત્રણ વર્ષની કેદની સજા

ઊંઝા, તા. ૬

ઊંઝા તાલુકાના વિશોળ ગામની સીમમાં એક ખેતમજૂર મહિલાને ગડદાપાટુનો માર મારી શરીરે મહાવ્યથા પહોંચાડી ધમકી આપવાના કેસમાં ઊંઝા અદાલતે ત્રણ આરોપીઓને ત્રણ વર્ષની સખત કેદ તથા દસ હજાર રૂપિયા દંડની સજા ફરમાવી છે.

વિગત એવી છે કે ઊંઝા તાલુકાના વિશોળ ગામે રહેતા અને ખેતમજૂરી કરતા બબુબેન ગણેશજી ઠાકોર ગત તા. ૨૨-૨-૨૦૧૭ના રોજ બપોરના સમયે પોતાના ખેતરમાં ગયા હતા ત્યારે નજીકના ખેતરમાં થ્રેસર મારફતે વરિયાળીનો પાક લેવાતો હોઈ તેની સેપટ ફરિયાદી બબુબેનના ખેતરમાં જતાં તેમણે સામાવાળાઓને રજૂઆત કરી હતી. જેથી સામાવાળા ત્રણ જણાએ ઉશ્કેરાઈ ગયા હતા અને ફરિયાદીને ગડદાપાટુનો માર મારી હાથના ભાગે ગંભીર ઈજા પહોંચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જે અંગે ઊંઝા પોલીસે કાયદેસર ગુનો નોંધી આરોપીઓ વિરૂદ્ધ અદાલતમાં ચાર્જસીટ રજૂ કર્યુ હતુ.

આ કેસ ઊંઝા અદાલતના એડી.ચીફ. જયુ. મેજીસ્ટ્રેટ એચ.જે. ઠાકર સમક્ષ ચાલી જતાં સરકારી વકિલ વિજય બી. બારોટની દલિલોને ધ્યાનમાં રાખી એકજ પરિવારના ત્રણ આરોપીઓ જવાનજી બાવાજી ઠાકોર, સુરેશજી જવાનજી ઠાકોર અને સમજાબેન જવાનજી ઠાકોરને ઈપીકો કલમ ૩૨૫ હજાર રૂપિયાના દંડની સજા ફરમાવી હતી. આ ઉપરાંત આરોપીઓના દંડની કુલ રકમમાંથી પંદર હજાર રૂપિયા ફરિયાદીને વળતરપેટે ચૂકવવાનો હૂકમ કર્યો હતો.

## ડીસા હાઈવે ઉપર બાઈક સ્લીપ થતા ચાલકને ઈજા



ડીસા, તા. ૬

ડીસા પાલનપુર હાઈવે ઉપર આવેલ ડિસન્ટ હોટલ નજીક એક બાઈક સ્લીપ થઈ ડિવાઈડર સાથે અથડાતા બાઈકસવારને ગંભીર ઈજાઓ થઈ હતી જેને ૧૦૮ મોબાઈલ વાન મારફત સારવાર અર્થે ડીસા સિવિલ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતની પ્રાપ્ત વિગતો અનુસાર પાલનપુરના ડાંગીયા મડાણા ગામે રહેતા એજાજખાન એહમદખાન ધાસુરા ગઈકાલે સોમવારે પોતાનું બાઈક લઈ પાલનપુર તરફ જતા હતા તે દરમિયાન એકાએક તેમનું બાઈક સ્લીપ થઈ ડિવાઈડર સાથે અથડાતા તેમને પગના ભાગે ગંભીર ઈજાઓ થતા ૧૦૮ મારફત સારવાર અર્થે ડીસા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ પરંતુ તેમને વધુ સારવારની જરૂર હોઈ પાલનપુર ખાતે ખસેડવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે.

## કંપની સમાચાર

### સીડીએસએલે ગિફ્ટ સિટીમાં ભારતની પ્રથમ આઈએફએસસી શાખાનું ઉદ્ઘાટન કર્યું

ગિફ્ટ સિટી, ગુજરાત, ૬ જાન્યુઆરી, ૨૦૨૦ – ભારતમાં પ્રથમ લિસ્ટેડ ડિપોઝિટરી સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડ (સીડીએસએલ)એ આજે ગુજરાતનાં ગાંધીનગરમાં સ્થિત ગિફ્ટ સિટીમાં એની પ્રથમ આઈએફએસસી શાખાનું ઉદ્ઘાટન કર્યું હતું.

સીડીએસએલની આઈએફએસસી શાખા આઈએફએસસી સેન્ટરમાં એક્સચેન્જીસ પર ટ્રેડિંગ થતી વિવિધ પ્રકારની પ્રોડક્ટ્સને ડિલિવરી આધારિત ટ્રેડિંગ પ્રસ્તુત કરીને નાણાકીય બજારોની વૃદ્ધિમાં પ્રદાન કરવાનો આશય ધરાવે છે.

આ ઉદ્ઘાટન સમારંભમાં સીડીએસએલનાં ચેરમેન બી વી ચૌબાલ, પબ્લિક ઈન્ટરેસ્ટ ડાયરેક્ટર બિમલ એન પટેલ તથા એમડી અને સીઈઓ નેહલ વોરા ઉપસ્થિત હતાં.

આ પ્રસંગે સીડીએસએલનાં ચેરમેન બી વી ચૌબાલે કહ્યું હતું કે, "સીડીએસએલએ ગિફ્ટ સિટીમાં પ્રથમ ડિપોઝિટરી બનવાનું નવું સીમાચિહ્ન સર કર્યું છે. સીડીએસએલની સ્થાપના સુવિધાજનક, વિશ્વસનિય અને સુરક્ષિત ડિપોઝિટરી સેવાઓ પ્રદાન કરવાના ઉદ્દેશ સાથે થઈ હતી અને અમે સમયની સાથે અમારી કામગીરીમાં પરિવર્તન કરીશું તેમજ નવા સીમાચિહ્નો સર કરીશું."

આ પ્રસંગે ગિફ્ટ સિટીના ચેરમેન સુધીર માંકડ અને ગિફ્ટ સિટીના એમડી અને ગ્રૂપ સીઈઓ તપન રે, ગિફ્ટ સેઝના ચેરમેન મહેશ્વર સાહુ તેમજ સેબીના સીજીએમ શ્રી મનોજ કુમાર ઉપસ્થિત હતા.

## અરવલ્લી આંબલીયારાના પીએસઆઈ આશિષ પટેલ કમાન્ડો તાલીમમાં સર્વશ્રેષ્ઠ કમાન્ડોનું બિરૂદ મળ્યું

ગુજરાત પોલીસ અકાદમી કરાઈના કમાન્ડો તાલીમ કેન્દ્રમાં તા. ૫ ઓક્ટોબર ૨૦૧૯થી ૪ જાન્યુઆરી ૨૦૨૦ સુધી બેઝીક કમાન્ડો તાલીમ કોર્ષનું આયોજન કરાયું હતું. જેમાં અરવલ્લી તાલીમ કોર્ષના અંતે લેવાયેલી ફાઈનલ કસોટીમાં ફિઝીકલ અને ઓવરઓલ સ્તરે શ્રેષ્ઠ દેખાવ કરીને મોડાસા પોલીસ સબ ઈન્સ્પેકટર આશિષકુમાર રમેશભાઈ પટેલ (એર.આર.) ફાઈનલ કસોટીઓમાં બેસ્ટ ફિઝીકલ દ્વિતિય અને બેસ્ટ ઓવર ઓલ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતાં તેમને પોલીસ મહા નિરીક્ષક આઈપીએસ જી.એલ. સિંઘલ દ્વારા પ્રસંશાપત્ર આપીને સન્માનિત કરાયા હતા. અરવલ્લી જિલ્લા પોલીસતંત્રમાં આનંદ છવાયો હતો.

## કુડાસણ જુગાર કેસની તપાસમાં બેદરકારી લાગતા કેસ કલોલ ડીવાયએસપીને સોંપાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં ખુલ્લામાં જુગાર રમતા ઈસમો રૂ. ૨૭,૩૧૦ના મુદ્દામાલ સાથે વિજિલન્સની ટીમ દ્વારા પાડવામાં આવેલી રેડમાં ઝડપાયાં હતા. આ કેસમાં ઈન્ફોસિટી પોલીસની કામગીરી અંગે રેન્જ આઈ મયંકસિંહ ચાવડાને સંતોષકારક ના જણાતા તેમણે આ કેસની તપાસ કોલલના ડીવાયએસપી વી.એન. સોલંકીને સોંપી હતી જેમણે ઈન્ફોસિટી પીઆઈને બનાવના દિવસની વિકલી ડાયરી તથા ગુના અંગે કરેલી કામગીરીના પત્રક સાથે પુછપરછ માટે બોલાવ્યા હતા.

શહેરના કુડાસણા વિસ્તારમાં ગત તા. ૨૭મી ડિસેમ્બરે શુકન સ્કાય તથા શુકન આઈ સોસાયટીની સામેની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા કેટલાંક ઈસમો પર ગાંધીનગર વિજિલન્સની ટીમે રેડ કરી હતી. આ દરોડામાં રૂ. ૨૭,૩૧૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો જેમાં મોબાઈલ ફોન અને રોકડ પણ સામેલ હતી. આ પ્રકરણમાં સ્થાનિક પોલીસ ઈન્ફોસિટી પોલીસ દ્વારા સંતોષકારક તપાસ કરવામાં આવતી ના હોવાથી રેન્જ આઈજી મયંકસિંહ ચાવડાએ કલોલ ડીવાયએસપી વી.એન. સોલંકીને તપાસ સોંપી હતી. ડીવાયએસપી સોલંકીએ સમગ્ર પ્રકરણમાં તપાસ હાથ ધરવા સાથે ઈન્ફોસિટી પીઆઈને જુગારની રેડ પડી તે દિવસની વિકલી ડાયરી, કામગીરીના પત્રક સાથે પુછપરછ માટે બોલાવ્યા હતા. આ સાથે તેમણે કંસાર હોટલ પાસેની પોલીસ ચોકીના પીએસઆઈ, ડીસ્ટાફ, હાજરી માસ્ટર, ક્રાઈમ રાઈટર હેડ તથા બનાવની તપાસ કરનાર અધિકારીને પણ પુછપરછ માટે બોલાવ્યા હતા.